પ્રાંતિજમાં સ્વાઈનફલુના બે કેસો મળી આવતા તંત્ર હરકતમાં

પ્રાંતિજ, તા.૨૦

પ્રાંતિજ તાલુકાના વદરાડ અને પલ્લાચરમાંથી શંકાસ્પદ સ્વાઈન ફલુના એક એક કેસ મળી આવતા આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે. સ્વાઈન ફલુનો એક કેસ પોઝીટીવ મળી આવતા દર્દીને અમદાવાદ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે ચાર વર્ષીય કથન ભરતભાઈ પટેલ અને પલ્લાચરમાંથી પણ એક બાળકને સ્વાઈન ફલુના લક્ષણો જણાઈ આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. આમ અચાનક વદરાડ ગામમાંથી પોઝીટીવ કેસ સામે આવતા આરોગ્ય વિભાગના અધિકારીઓએ તાત્કાલિક જરુરી પગલા લેવાની શરુઆત કરી દીધી હતી અને દર્દીને વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતેની હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. બીજી તરફ શંકાસ્પદ કેસો મળી આવતા આસપાસના ગ્રામજનોમાં ભય ફેલાયો છે.

પાટણ જિલ્લાના હારીજ ખાતે માર્કેટ યાર્ડમાં એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) પાટણ તથા ખેડૂત તાલીમ કેન્દ્ર પાટણ દ્વારા તા.૧૯/૩/૨૦૧૩ થી ૨૦/૩/૨૦૧૩ સુધી બે દિવસ કૃષિમેળા- -દર્શન અને મહિલા કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના -મુખશ્રી મોહનભાઇ પટેલ, જિલ્લા ભા.જ.પ. -મુખશ્રી દશરથજી ઠાકોર, માર્કેટ યાર્ડના વાઇસ ચેરમેનશ્રી કાનજીભાઇ દેસાઇ તથા સેક્રેટરી નરસિંહભાઇ ચૌધરી ઉપસ્થિત રહયા હતા. કૃષિ મેળા -દર્શનમાં મહિલાઓની રાસાયણિક ખાતર નમૂના ઓળખ, પશુપાલન દાણ ખાણ ઓળખ વાનગી હરિફાઇ બીજ માવજત ૈતરી અને કૃષિ અનુભવો અંગેની વકુત્વ સ્પર્ધાનું આયોજન કરી બહેનોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. કૃષિ મેળામાં જિલ્લાના સાત તાલુકામાંથી કુલ ૨૫૦૦ જેટલા ખેડૂત અને બહેનોએ કૃષિ સેમીનારમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નાયબ ખેતી નિયામક (તાલીમ) વાય આઇ શિહોરા, જિલ્લ ખેતીવાડી અધિકારી એમ.પી. ચૌહાણ, આત્મા એજીબીના સભ્યો, પશુપાલન વિભાગના અધિકારીઓ, કૃષિ યુનિર્વસીટીના વૈજ્ઞાનિકશ્રીઓએ માર્ગદર્શન આપયું હતું.

રસાણા ખાતે રાષ્ટ્રીય પર્યાવરણ શિબિરનું આયોજન કરાયું

ડીસાના રસાણા (નાવા) ખાતે પર્યાવરણ અને વનમંત્રાલય ભારત સરકાર નવી દિલ્હી અને નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલોપમેન્ટ અમદાવાદવતી શ્રી રાજેશ્વરી એવા સમાજ ટ્રસ્ટ ડીસા દ્વારા રાષ્ટ્રીય પર્યાવરણ પરિસંવાદ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં રેન્જ ફોરેસ્ટ ઓફીસર, તલાટી ચાવડા, સરપંચ ઈશ્વરજી દેસાઈ, ગામના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા અને પર્યાવરણના વિનાશ અંગે લોકોને વાકેફ કરી વધુમાં વધુ વૃક્ષો ધરતી પર વાવવામાં આવે અને ધરતીને હરીયાળી બનાવવામાં આવે તેમજ પર્યાવરણના જતન માટે સંકલ્પ કરવામાં આવે તે માટે અનુરોધ કરાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી રાજેશ્વરી સેવા સમાજના પ્રમુખ જ્યોત્સનાબેન બારોટ તેમજ હોદ્દેદારોએ મહેનત ઉઠાવી હતી.

તલોદમાં ચાલતા ગટરના કામોથી રહીશો પરેશાન

તલોદ, તા. ૨૦

તલોદ નગરપાલિકામાં સમાવિષ્ટ વિવિધ વિસ્તારોમાં છેલ્લા ત્રણ માસથી ચાલતા ગટર કામના ખોદકામથી ઠેર ઠેર મોટા ખાડા પડી જતા રહીશો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. અને ગોકળગતિ ચાલતા આ ગટરના કામ સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને સત્વરે કામ પૂર્ણ કરવામાં માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકામાં નગરપાલિકામાં સમાવિષ્ટ વિવિધ વિસ્તારોમાં છેલ્લા ત્રણ માસથી ગટરલાઈન નાંખવાનું કામ ચાલે છે. જેના માટે ઠેર ઠેર મોટા ભાગની બન્ને બાજુ મોટા ખોદકામ કરવામાં આવી રહ્યા છે. પરિણામે સ્થાનિકો, વિદ્યાર્થીઓ અને રાહદારીઓ તેમજ વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા છે. ગોકળગતીથી ચાલતા મોટા ખોદકામ ખુલ્લા રખાતા રાત્રીના સમયે લાલ લાઈટથી વંચિત ભુવાઓ મોત સમા અકસ્માતની ચાડી ખાઈ રહ્યા છે.

સ્થાનિક રહીશો માટે પાણીની સમસ્યા પણ દિન-પ્રતિદિન વિકટ બનતા અને કનેક્શન ખોદકામથી તુટી જતા દૂષિત પાણીતી લોકોમાં રોષ જોવા મળ્યો છે. તલોદમાં વર્ષો પહેલા ગટર યોજના પૂર્વ સરપંચ દિનેશભાઈ પટેલે હાથ ધરી હતી જેમાં એક કરોડની પાઈપો જમીનોમાં દાટી પાણી નિકાલની જગ્યાના અભાવથી ગટર યોજના નિષ્ફળ નિવડી હતી હવે કોન્ટ્રાક્ટર દ્વારા થતા ખોકદામથી પાણીના ઠેર ઠેર ખાબોચીયા ભરાતા રોગચાળો ફાટી નિકળવાનો ભય પણ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે.

આજે જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલની બેઠક મળશે

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને આજે તારીખ ૨૧/૦૩/૨૦૧૩ ગુરૂવારના રોજ ૧૫- ૩૦ કલાકે કલેકટર કચેરી ખાતે યોજાશે. જેમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ અંતર્ગત કામગીરીની સમીક્ષા, જાહેર સ્થળોએ તમાકુ અને ધુમપાનના સેવન કરનારાઓ અંગે પગલા લેવા અંગેની ચર્ચા કરવામાં આવશે.

ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર અને મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ મહેસાણાના ઉપક્રમે યોજાયેલ

જોસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ સેમીનાર સંપન્ન

મહેસાણા, તા. ૨૦

ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર અને મ્યુનિસિપલ આર્ટસ એન્ડ અર્બન સાયન્સ કોલેજ-મહેસાણાના સંયુક્ત ઉપક્રમે 'જોસેફ મેકવાનની સાહિત્ય સૃષ્ટિ' એ વિષય પરનો એક પરિસંવાદ કોલેજના પ્રાંગણમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો શ્રી મણીલાલ હ. પટેલ અને ડૉ. કેશુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પરિસંવાદના પ્રારંભે સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ મહેસાણાના અધ્યક્ષ અનિલભાઈ પટેલે આવા સુંદર સાહિત્યીક કાર્યક્રમના આયોજનને બીરદાવી સમાજમાંથી જ્યાં સુધી સુખીસંપન્ન અને વંચિતો વચ્ચેના ભેદભાવ નહી મટે ત્યાં સુધી સંપૂર્ણ સમાજ ઉત્થાન સક્ય નહી બને તેમ જણાવ્યું હતું. મુંબઈથી પધારેલા સમાજસેવી કિશોર મારવાડીએએમના જિવનગડતરમાં જોસેફ મેકવાનના પ્રદાન વિશે વિગતે વાત કરી હતી.

પરિસંવાદમાં દાદા જોસેફ મેકવાનના જયેષ્ઠ પુત્ર અને નાયબ સચિવ (નાણાં વિભાગ) ચંદ્રવદન મેકવાને દારુણ બાલ્યકાળની વચ્ચેપિતા જોસેફ મેકવાને વેઠેલ યાતનાઓને તાદશ્ય કરી, એક મહાન લેખકના પુત્ર હોવાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું.

કમિશનર ઓફ સ્કૂલના જોઈન્ટ ડાયરેક્ટર શ્રી ઈ.પી. દેસાઈએ જોસેફ મેકવાનના સાહિત્યમાંથી પોતે પસાર થયાને જે સંવેદનો ઉઠ્યા તેની લાગણીસભર રજુઆત કરી હતી.

ત્રણ સત્રમાં યોજાયેલા આ પરિસંવાદમાં 'જોસેફ મેકવાનના સાહિત્ય વિશેષો' પર ડૉ. ભરત પંડ્યાએ જ્યારે 'જોસેફ મેકવાનનું ગદ્ય' વિષય પર પ્રો. જયંત ઉમરેઠિયાએ મનનીય વક્તવ્યો રજુ કર્યા હતા. પરિસંવાદના આ સત્રના અધ્યક્ષ એમ.એસ. યુનિવર્સિટી વીશે વિશદ્ અને અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજુ કર્યું હતું.

પરિસંવાદના તૃતીય સત્રમાં ડૉ. સુનીલ જાદવે 'પ્રતિબદ્ધ સર્જક જોસેફ મેકવાન' વિષય પર અને ડૉ. રતિલાલ રોહિતે 'જોસેફ મેકવાનના રેખાચિત્રોમાં માનવસંવેદના' વિષય પર અભ્યાસપૂર્ણ રજુઆત કરી હતી. આ સત્રના અધ્યક્ષ ડૉ. કેશુભાઈ દેસાઈ કે જેઓ જોસેફ મેકવાનના અંગત મિત્ર રહ્યા હતા, તેમણે પણ એક દાયકા ઉપરાંતના દુઃખદાયી વિરામ પછી જોસેફ મેકવાને જે રીતે કલમ હાથ ધરી અને સાહિત્યજગતમાં માત્ર અને માત્ર એમની કલમના બળે છવાઈ ગયા તેનું હૃદયસ્પર્શી ચિત્ર તવારિખી ઘટનાઓ સાથે રજુ કર્યુંહતું. ડૉ. કેશુભાઈ દેસાઈએ જોસેફ મેકવાનને દલીત સમાજના મજબુત સેનાપતિ, ધીરલલીત-ધીરપ્રશાંત આગેવાન અને ચળવળકાર તરીકે ઓળખાવ્યા હતા.

સમગ્ર પરિસંવાદમાં સતત ઉપસ્થિત એવા ગુજરાતના અગ્રીમ સાહિત્યકા અને સાચા અર્થમાં જેમને જોસેફ મેકવાના સાહિત્યકર્મના સાક્ષી અને સાથી હોવાનું ગૌરવ પ્રાપ્ત છે, એવા મણિલાલ હ. પટેલે જોસેફ મેકવાન સાથેના તેમના સંબંધોની-પહેલા સાંભળવા ન મળી હોય તેવી અંતરંગ વાતો ભાવપૂર્ણ રીતે રજૂ કરી હતી.

જોસેફ મેકવાનની સાહિત્ય સૃષ્ટિ એ વિષયના આ પરિસંવાદમાં રાજકોટના સંયુક્ત માહિતી નિયામકશ્રી નટુભાઈ પરમાર ખાસ ઉપસ્થિત હતા.

મ્યુનિ. આર્ટસ એન્ડ અર્બન સાયન્સ કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી સનતકુમાર વારલી, સંયોજક ડૉ. રાજેશ મકવાણા, ડૉ. શિવરામ શ્રીમાળી, હરેશ મેકવાન, આચાર્યશ્રી ડૉ. ડી.આર. પટેલ તથા સાથીઓએ આ સેમિનારને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

પરિસંવાદના અંતે શોધપત્રોનું વાંચન થયું હતું. જ્યારે આભારવિધિ શ્રી હરેશ મકવાણાએ કરી હતી.

આ પરિસંવાદમાં કોલેજના ગુજરાતી વિભાગના સર્વશ્રી સંજય આચાર્ય, ડૉ. સુરેશ પવાર, યજ્ઞેશ પ્રજાપતિ, હારુન મનસુરી, કમલ દવે, વિજય પટેલ, શ્રી ધર જોષી, તુલસીભાઈ પટેલ, ડૉ. રાજુભાઈ ચૌધરી, ઈલ્યાસ મનસુરી, પ્રકાશ પંડ્યા, ગણપત સોઢા, ઉપરાંત શ્રી કે.એન. માથુર તથા વિશ્વગ્રામના સંજયભાઈ તથા સાહિત્ય ભાવકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી/અધ્યાપકો સૌ ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસી બહેનોને રોજગારી પૂરી પાડવાનું કામ કરાયું છે : અશ્વનીકુમાર

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના જે.એલ.જી(સંયુકત જવાબદારી જૂથ) તથા સખી મંડળ યોજના હેઠળ રચાયેલ એસ.એચ.જીને બેન્ક ધિરાણ તેમજ દેના કૃષિ એ.ટી.એમ કાર્ડ વિતરણનો કાર્યક્રમ નલીનકાન્ત ગાંધી ટાઉન હોલ, હિંમતનગર ખાતે યોજાયો હતો.

આ -સંગે દેના બેંકના ચેરમેનશ્રી અશ્વિની કુમારે જણાવ્યુ હતુ કે, અંબાજીથી ઉમરગામની ગ્રામીણ આદિવાસી મહિલાઓને રોજગારી પૂરી પાડવાનું કામ રાજય સરકાર ધ્વારા કરવામાં આવ્યું છે ત્યારે દેના ગુજરાત ગ્રામીણ બેન્ક ધ્વારા આર્થિક સહયોગ પૂરુ પાડવાની જવાબદારી સુપેરે નિભાવી છે. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે સંયુકત જવાબદારીવાળા જૂથોને ખેતીક્ષેત્રે આર્થિક ધિરાણ પૂરુ પાડી રાજયની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનાવી છે.

આ કાર્યક્રમમાં નાબાર્ડના ચીફ જનરલ મેનેજરશ્રી દવેએ જણાવ્યુંહતુ કે, સમાજમાં સામાજીક અને આર્થિક સ્થિતિને સુધારવાનુ એક અમૂલ્ય કામ દેના બેન્કના સહયોગથી કરવામાં આવ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિકુમાર અરોરાએ જણાવ્યું હતુ કે આજે સાબરકાંઠા જિલ્લાના ચાર હજાર પરીવારોને સ્વ સહાય જૂથોમાં આવરી લેવાયા છે. જેનાથી રોજગારીનુ મોટા પાયે નિર્માણ થયુ છે.

દેના બેન્કના રીઝનલ મેનેજરશ્રી સુરેશભાઈ પટેલે દેના બેન્કની કામગીરીની રૂપરેખા આપતા જણાવ્યુ હતુ કે સાબરકાંઠા જિલ્લામાં હાલ ૪૮ શાખાઓ ધ્વારા લોકોને ધિરાણનો લાભ અપાય છે ઉપરાંત આદિવાસી ગ્રામીણ વિસ્તારોમાં ૨૦ જેટલા એ.ટી.એમ ઉભા કરવામાં આવ્યા છે. જે અમદાવાદ શહેર કરતા પણ વધુ હોવાનું જણાવ્યુ હતું. આ -સંગે સંયુકત જવાબદારીવાળા જૂથો અને સ્વ સહાય જૂથાને સેકશન પત્રોનું વિતરણ તેમજ રુપે (કિસાન એટીએમ)કાર્ડનુ મહાનુભવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતું

આ સહાય વિતરણ શિબિરમાં જિલ્લાના વિવિધ સખી મંડળની બહેનો અને બેન્કના કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રઝ્ઝા હતા.

હિંમતનગરમાં અંધશ્રદ્ધા નિવારણ જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર,બુધવાર- સિનિયર સિટીઝન્સ એસો. લાયન્સ કલબ, સ્વામી વિવેકાનંદ વિધાલય અને ગુજરાત વિકાસ દૈનિકના સંયુકત ઉપકમે અંધશ્રધ્ધા નિવારણ અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ જિલ્લા પોલીસ વડાશ્રી ચિરાગ કોરડીયાની ઉપસ્થિતિમાં તા. ૨૩/૦૩/૨૦૧૩ શનિવારના રોજ ૧૫- ૦૦ કલાકે નલીનકાન્ત ગાંધી ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં હાથમાંથી કંકુ- ભસ્મ નીકળવુ, નાળિયેર ચુંદડી મગ, ચોખા નીકળવા, ઉકળતા તેલમાંથી હાથે પુરી તળવી સહિતના -યોગોનું નિર્દેશન કરવામાં આવશે.એમ ભારત જન વિજ્ઞાન જાથાના ચેરમેનશ્રી જયંત પંડયાએ જણાવ્યુ છે.

પાલનપુર મુકામે કલેકટરશ્રી એમ.થેન્નારસનના અધ્યક્ષસ્થાને પી.એન.ડી.ટી. એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રીએ આરોગ્ય અધિકારીને સુચના આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં ગર્ભ પરીક્ષણ અને સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા એકથી વધુ બાળકોવાળા દંપતીઓનું ફોસ વેરિફિકેશન કરવું અને સ્ત્રી-પુરુષનો બર્થ રેશિયો જળવાય તે માટે વિશેષ કાળજી રાખવી ખુબ જરૂરી છે. તેમણે કહ્યું કે, સોનોગ્રાફી મશીનના લાયસન્સ માટે પી.એન.ડી.ટી. એક્ટની જોગવાઈ મુજબ જરૂરી લાયકાત ધરાવતા ડૉકટરોને જ લાયસન્સ આપવા, જે ડૉકટરોએ સમયસર લાયસન્સ રિન્યુ ન કરાવ્યું હોય તેમના લાયસન્સ રદ કરવા કમિટીએ નિર્ણય લીધો હતો. જેમાં ડૉ. કે. કે. પટેલ ભીલડીવાળાએ રિન્યુઅલ ફોર્મ ભરેલ નથી તેમનું સોનોગ્રાફી મશીન શીલ કરવા અને થરાના ડૉ. ચંદ્રેશ પટેલ બી.એચ.એમ.એસ. હોવાથી તેમનું એમ્પ્લાઈઝ તરીકેનું રજીસ્ટ્રેશન કેન્સલ કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં રિન્યુઅલ રજીસ્ટ્રેશન અંગે, ફોર્મ-એફ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સિનિયર સિટીઝન કલબ તલોદનો દ્વારકા સોમનાથ યાત્રા પ્રવાસ યોજાયો

તલોદ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થપાયેલી અને છેલ્લા તેર વર્ષથી કાર્યરત, પ્રવૃત્તિઓથી ધમધમતી સિનિયર સિટીજન્સ કલબ, તલોદનો એક યાત્રા પ્રવાસ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૨ સભ્યો ભાઈઓ-બહેનો જોડાયાં હતાં. સદર પ્રવાસમાં દ્વારકા, રૂક્ષ્મણી મંદિર, બેટ દ્વારકા, ગોપી તળાવ, દ્વારિકા વને, નાગેશ્વર જ્યોતિર્લિંગ, પોરબંદર સ્થળે સુદામા મંદિર અને કીર્તિ મંદિર, સોમનાથ જ્યોતિર્લિંગના દર્શન ભાલકા તીર્થ, વલ્લભાચાર્યજીની બેઠક અને દરિયા દેવનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કેટલાક સિ.સિ. સભ્યોએ બારેય જ્યોતિર્લિંગનાં દર્શન પૂર્ણ કરતાં ખૂબ આનંદ અનુભવ્યો હતો.

સદરહુ પ્રવાસ સિ.સિ. કલબના પ્રવાસ કન્વીનર લખમશીભાઈ પટેલની રાહબરી નીચે યોજવામાં આવ્યો હતો. તેઓએ દરેક રહેઠાણના સ્થળે રહેવાની અને ભોજનની સુંદર વ્યવસ્થા કરી હતી. સૌએ તેમનો ઉમળકાભેર આભાર માન્યો હતો.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૬૨૮

ગાંધીનગરવાસીઓવા અટૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
ફ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧